E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 298 * Date: 18.08.2024,Sunday * Page :04 *Rs. 1.00/- * Annual Rs. 351/-

# ’દેશમાં દરરોજ ૮૬ દુષ્કર્મના કેસ, મહિલાઓ સુરક્ષાની આશા કોનાથી રાખે..’ પ્રિયંકા ગાંધી



કોલકાતામાં મહિલા ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કેસ પર પ્રિયંકા ગાંધીએ તીખી પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ‘દેશમાં દરરોજ ૮૬ દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે. આવી સ્થિતિમાં મહિલાઓને કેવી રીતે સુરક્ષિત ગણી શકાય? કોલકાતા તેમજ બિહાર, યુપી અને ઉત્તરાખંડમાં બનેલી ઘટનાઓને જોઈને દેશભરની મહિલાઓ દુઃખી છે અને ગુસ્સે પણ છે.‘

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ‘ઠ‘ પર પોસ્ટ કરીને લખ્યું કે, ‘કોલકાતા, બિહાર, ઉત્તરાખંડ અને યુપીમાં મહિલાઓ પર થતા અત્યાચારોએ સમગ્ર દેશને ચોંકાવી દીધો છે. આ સમયે દેશભરની મહિલાઓ દુઃખી અને ગુસ્સામાં છે. જ્યારે પણ આવી ઘટનાઓ બને છે ત્યારે દેશની મહિલાઓ જુએ છે કે સરકારો શું કરી રહી છે? તેના શબ્દો અને પગલાં કેટલા ગંભીર છે?પ્રિયંકા ગાંધીએ વધમાં લખ્યું કે, ‘જ્યાં જ્યાં મહિલાઓની સુરક્ષાને લઈને મજબૂત સંદેશ આપવાની જરૂર હતી ત્યાં આરોપીઓને બચાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. મહિલાઓ પરના ધૃણાસ્પદ અત્યાચારના કેસોમાં નરમાઈ દાખવવી, આરોપીઓને રાજકીય રક્ષણ આપવું અને દોષિત કેદીઓને જામીન/પેરોલ આપવા જેવી વારંવારની ક્રિયાઓ મહિલાઓને નિરાશ કરે છે. આનાથી દેશની મહિલાઓને શું સંદેશ જાય છે? જ્યારે સરકારી આંકડા દર્શાવે છે કે દરરોજ ૮૬ દુષ્કર્મ કેસ સામે આવે છે, ત્યારે મહિલાઓએ કોની પાસેથી રક્ષણની અપેક્ષા રાખવી જોઈએ?‘કોલકાતાની આર.જી. કાર મેડિકલ કોલેજની મહિલા ડોક્ટર પર દુષ્કર્મ બાદ હત્યા કરવામાં આવી હતી. જેના કારણે દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. સીબીઆઈ આ કેસની તપાસ કરી રહી છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશને ડૉક્ટર સાથેની ઘટનાને લઈને ૧૭મી ઓગસ્ટે ૨૪ કલાક માટે દેશવ્યાપી હડતાલની જાહેર કરી છે. આજે દેશભરની તમામ હોસ્પિટલોમાં ઓપરેશન અને ઓપીડી સેવાઓ બંધ કરી દેવામાં આવી છે.

# ઉદયપુર બબાલ મામલે તંત્રની આ કેવી કાર્યવાહી? આરોપી વિદ્યાર્થીના ભાડાના મકાન પર બુલડોઝર ફેરવ્યું?

ઉદયપુરમાં ચાકુબાજીની ઘટનામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલિ વિદ્યાર્થીની સારવાર ચાલી રહી છે, ત્યારે વિદ્યાર્થીની હાલત હજુ પણ નાજુક હોવાનું જાણવા મળ્યું છે. બીજી તરફ, તંત્ર દ્વારા આરોપી વિદ્યાર્થીના ઘર પર બુલડોઝર ચલાવી દેવામાં આવ્યું છેઉદયપુરમાં ચાકુબાજીની ઘટનામાં આરોપીના ખાંજીપીરની દીવાનશાહ કોલોનીમાં આવેલા ગેરકાયદેસર ઘર પર તંત્ર દ્વારા બુલડોઝર ફેરવીને તોડી નાખવામાં આવ્યું છે. આ દરમિયાન બુલડોઝર ચલાવતી વખતે પોલીસને સાથે રાખીને તમામ કાર્યવાહી કરવામાં આવી હતી. મળતી માહિતી પ્રમાણે, આરોપીનો પરિવાર આ ઘરમાં ભાડેથી રહેતા હતા.ચાકુબાજીમાં ઈજાગ્રસ્ત



થયેલા વિદ્યાર્થીની હાલત હજુ નાજુક છે, ત્યારે ડોક્ટરની દેખરેખ હેઠળ તેની સારવાર ચાલી રહી છે. જે હોસ્પિટલમાં વિદ્યાર્થીની સારવાર ચાલી રહી છે ત્યાં મોટી સંખ્યામાં ફોર્સ તૈનાત કરી દેવામાં આવી છે.મળતી માહિતી પ્રમાણે, સમગ્ર ઘટના ગત શુક્રવારની (૧૬ ઓગસ્ટ) સવાર ઘટી હતી. જ્યારે થોડા દિવસો પહેલા બંને વિદ્યાર્થીઓ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ગઈ કાલે એક વિદ્યાર્થી તેની કોલેજ બેગમાં ચાકુ લઈને આવીને અન્ય બીજા વિદ્યાર્થી પર હુમલો કર્યો હતો. આ પછી ક્લાસરૂમમાં અવાજ થતાં સ્કૂલ સ્ટાફને સમગ્ર ઘટનાની જાણકારી મળી હતી. જ્યારે ઘટનામાં ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

## વિરમગામ સહિત અમદાવાદ જિલ્લામાં કુલ ૮૬ ગ્રામ પંચાયતને ટીબી મુક્ત ગ્રામ પંચાયત જાહેર કરાઈ

વિરમગામ : વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ટીબી રોગને સંલગ્ન એસ.ડી.જી - સસ્ટનેબલ ડેવલોપમેન્ટ ગોલ ના તમામ સૂચકાંક વિશ્વ કરતાં પાંચ વર્ષ પહેલા હાંસલ કરવા આહવાન કરવામાં આવેલ છે વડાપ્રધાને ૨૪ માર્ચ ૨૦૨૩ વિશ્વ ક્ષય દિવસના રોજ ટીબી મુક્ત પંચાયતની નવીન પહેલનું આહવાન કરેલ છે. જે અંતર્ગત અમદાવાદ જિલ્લાના કુલ ૮૬ ગ્રામ પંચાયતને ટીબી મુક્ત પંચાયત તરીકે જાહેર કરવામાં આવેલ છે. અમદાવાદ કલેક્ટર પ્રવીણા ડી.કે ના વરદ હસ્તે બાવળા ખાતે ૭૮ માં સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કરી ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કલેક્ટર દ્વારા સ્થાનિક આરોગ્ય કર્મચારીઓની સાથે બાવળા તાલુકાના મીઠાપુર ગ્રામ પંચાયત અને લગદાણા ગ્રામ પંચાયતના સરપંચને ટીબી પંચાયત કરવા બદલ સન્માન પત્ર અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તાજેતરમાં જ વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલના વરદ હસ્તે તાલુકા હેલ્થ ઓફિસરની ઉપસ્થિતિમાં વિરમગામ તાલુકાના સોકલી, કરણગઢ અને શિયાળ ગામના સરપંચ તથા આરોગ્ય કર્મચારીઓને ટીબી મુક્ત પંચાયત સન્માનપત્ર અને મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૫ મી ઓગસ્ટે વિરમગામ તાલુકાના મહાદેવપુરા, ભાવડા, ચણોઠીયા, જકશી, રૂપાવટી, નાની કિશોલ, શિવપુરા? ગ્રામ પંચાયતના સરપંચ અને આરોગ્ય કર્મચારીઓને ટીબી મુક્ત પંચાયતના સન્માન પત્ર અને મોમેન્ટો આપવામાં આવ્યા હતા.? અત્રે ઉલ્લેખની છે કે અમદાવાદ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેષ પરમાર અને જિલ્લા ક્ષય અધિકારી ડો.કાર્તિક શાહ દ્વારા અમદાવાદ જિલ્લામાં મહત્તમ ગ્રામ પંચાયત ટીબી મુક્ત થાય તે માટે કામગીરી કરી રહ્યા છે.

## કાંસા હાઈસ્કુલમાં સ્વતંત્રતા પર્વની ઉજવણી

સરસ્વતી તાલુકાના કાંસાની શ્રી .એસ.પી .ઠાકોર સર્વોદય વિદ્યાલય ખાતે સ્વતંત્રતા દિવસની ખુબ જ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન શ્રી શંકરસિંહ રાજપૂતના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી રામસિંહભાઈ ચૌધરી, શ્રી અરવિંદભાઈ પંચાલ, શ્રી જેસાજી ઠાકોર, શ્રી બીજલજી ઠાકોર, ગ્રામજનો ,વાલીગણ ,શાળાના વિદ્યાર્થીઓ, નાના બાળકો,ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત પ્રાર્થના ,સ્વાગત ગીત, દેશભક્તિ ગીતો, ડાન્સ, ઘુમર વગેરે કાર્યક્રમો તેમજ વિદ્યાર્થી ભાઈ- બહેનો દ્વારા ૧૫ મી ઓગસ્ટ અને તિરંગા ના મહત્વ વિશે સ્પીચ આપી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્યશ્રી ડી.ડી.મોદી એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ કાર્યક્રમમાં સંગીત શ્રી આર આર. યુ .મહારાજાએ આપ્યું હતું કાર્યક્રમનું સ્ટેજ સંચાલન શાળાના વિદ્યાર્થી વિરેન્દ્રસિંહ. બી. રાજપૂતે કર્યું હતું તેમ જ આભાર વિધિ શ્રી વી.જી.ઠાકોરે કરી હતી.

## શ્રી કે.એમ.પટેલ વિદ્યામંદિર ઈડરમા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી થઈ

ઈડરના મધ્યમા આવેલી શ્રી કે.એમ.પટેલ વિદ્યામંદિરમા સ્વાતંત્ર પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામા આવી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત નારાયણદાસ સોની દ્વારા શાળાના મેદાનમા ધ્વજવંદન કરવામા આવ્યુ ત્યારબાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પૂર્વ પ્રાથમિક વિભાગ, ઉચ્ચ પ્રાથમિક તથા માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહના મળીને કુલ ૯૮ વિદ્યાર્થીઓએ પોતાના સાંસ્કૃતિક કાર્યક્રમો ૧૮ કૃતિઓમા રજૂ કર્યા હતા સાંસ્કૃતિક કાર્યક્રમ થકી શાળાનુ



વાતાવરણ દેશ ભક્તિમય બન્યુ હતુ આઝાદીના આ પર્વમા ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામા આવ્યુ હતુ શાળાના સુપરવાઈઝર પી.કે.પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન અપાયુ આ ઉપરાંત શાળાના આચાર્ય કિરણભાઈ પટેલે પણ આઝાદીના ઈતિહાસના વિવિધ પ્રસંગોનેયાદ કરીને પ્રેરક વક્તવ્ય રજૂ કરીને કાર્યક્રમ સફળ બનાવવા બદલ તમામ માર્ગદર્શક શાળા પરિવારના શિક્ષક ભાઈ - બહેનોનો આભાર વ્યક્ત કર્યો હતો સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શાળાના શિક્ષક સી.એમ.સોલંકી દ્વારા કરવામા આવ્યુ હતુ

## દિયોદર તાલુકા ના મખાણું ગામે પ્રાથમિક શાળામાં ૭૮ માં સ્વતંત્ર પર્વ ની ઉજવણી કરવામાં આવી હતી..



પ્રોગ્રામમાં મખાણું ગામના ગ્રામજનો ગામના સરપંચ એસ એમ સી ના સભ્યો તેમજ યુવાન મિત્રો અને શાળાના શિક્ષકો અને સ્ટાપ અને સરપંચ ભાણાભાઈ દ્વારા ધ્વજ ફરકાવી સલામી આપી કાર્યક્રમ શરૂ કર્યો રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી અને રાષ્ટ્રગીતોનું ગાન કરવામાં આવ્યું ત્યાર બાદ માં સરસ્વતી નું દીપ પ્રગટાવી અને કંકુ તિલક લગાવી અને પ્રાથના કરી કાર્યક્રમ ને ખુલ્લો મુકવમાં આવ્યો પછી શાળા ના વિદ્યારથીઓ દ્વારા આવેલા મહેમાનો નો સ્વાગત ગીત ગાઈને સ્વાગત કરવામાં આવ્યું ૭૮માં સ્વતંત્ર દિન ની ઉજવણી કરવામાં આવી આચાર્યશ્રી ,કૂંપભાઈ પટેલ,કે જે પોતાની આગવી સુજ બુજ થી કામ કરે છે મખાણું પ્રાથમિક શાળા આવેલા તમામ મહેમાનોનું શબ્દ હિક સ્વાગત કરવામાં આવ્યું કાર્યક્રમમાં પ્રાથમિક શાળા શિક્ષક સ્ટાપ તેમજ ગામના જન મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા

## શ્રી હિંમત હાઈસ્કૂલ હિંમતનગરમા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામા આવી



૭૮મા સ્વાતંત્ર પર્વની ઉજવણી શાળામા કરવામા આવી જેમા મુખ્ય મહેમાન તરીકે હિંમતનગર કેળવણી મંડળના ઉપપ્રમુખ ડો. યશવંતભાઈ પટેલ હાજર રહ્યા શાળાના નિવૃત્ત થઈ રહેલા કર્મચારી એન.બી.પટેલ (સુપરવાઈઝર, ઉ.મા.વિભાગ) અને સંજયભાઈ મિસ્ત્રી (વહીવટી વિભાગ) દ્વારા ધ્વજ વંદન કરવામા આવ્યુ શાળાના આચાર્ય એસ.એસ.પટેલએ સ્વાગત પ્રવચન કર્યુંડો. યશવંતભાઈ પટેલએ સ્વાતંત્ર્ય દિનનુ મહત્વ સમજાવતુ સુંદર વક્તવ્ય આપ્યુ શાળાના બાળકોએ સવારે સાત વાગે તિરંગા સાથે મોટી સંખ્યામા ટાવર રોડ પર રેલી યોજી એમ.જે. પટેલ તથા અન્ય સ્ટાફ મિત્રોએ રેલીનુ સુંદર આયોજન કર્યું તમામ સ્ટાફ મિત્રોએ કાર્યક્રમમા હાજર રહ્યા શાળાના બાળકોએ વિવિધ કૃતિઓ રજૂ કરી શાળાના એનએસએસ, એનસીસી અને સ્કાઉટ ગાઈડના વિદ્યાર્થીઓએ પોતાના ગણવેશમા સુંદર કાર્ય કર્યું

## તંત્રી લેખ.....

# લોકઆંદોલન ગુજરાત –સુરત દ્વારા જનહિત માં પ્રકાશિત

## ચાઈનીઝ સ્ટીલ ઉદ્યોગમાં ૨૦૦૮ અને ૨૦૧૫ કરતાં પણ વધુ ગંભીર કટોકટી

ચાઈનીઝ સ્ટીલ મેન્યુફેકચરરોએ સ્ટીલની માંગ મંદ રહી હોવા સાથે હજુ વધુ ઘટાડો થવાના અંદાજો સાથે માર્જિનમાં કડાકો બોલાઈ જવાના અંદાજોએ ઉત્પાદનમાં ઘટાડો કર્યો છે. ચાઈનાના સ્ટીલ મેન્યુફેકચરરોએ જુલાઈ મહિનામાં સ્ટીલ ઉત્પાદનમાં બન્ને માસિક અને વાર્ષિક ધોરણે ૯ ટકા ઘટાડો કરીને ૮૨૯.૪ લાખ ટનનું ઉત્પાદન કર્યું છે. જે વર્ષ ૨૦૨૪માં નોંધાયેલું સૌથી ઓછું ઉત્પાદન હોવાનું નેશનલ બ્યુરો ઓફ સ્ટેટેસ્ટિક્સના આંકડામાં દર્શાવાયું છે. આ સાથે વર્ષના પ્રથમ સાત મહિનામાં કુલ સ્ટીલ ઉત્પાદન ૨.૨ ટકા ઓછું ૬૧.૩૭ કરોડ ટન જેટલું થયું છે.ચાઈનાના રિયલ એસ્ટેટ માર્કેટમાં મંદી અને ફેકટરી ઉત્પાદનમાં ઘટાડા તરફી ટ્રેન્ડના કારણે સ્થાનિક ભાવોમાં તીવ્ર ઘટાડો જોવાયો છે અને વિશ્વ બજારોમાં પણ ચાઈનીઝ મેટલની મોટો માલ ભરાવો થયો હોવાનું જોવાયું છે. વિશ્વના સૌથી મોટા સ્ટીલ ઉત્પાદક દેશે ૧૪, ઓગસ્ટના ચેતવણી જારી કરી છે કે, ઉદ્યોગ વર્ષ ૨૦૦૮ અને વર્ષ ૨૦૧૫ કરતાં પણ ગંભીર કટોકટીની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે.સ્ટીલની માંગમાં ઘટાડા સાથે ઉદ્યોગ માટે પ્રમુખ માંગના સ્ત્રોત કન્સ્ટ્રકશન ક્ષેત્રે પણ નવા ઘરોના વેચાણમાં ખાસ કોઈ વૃદ્ધિ નહીં દેખાતાં પરિસ્થિતિ વધુ કથળવાનો અંદાજ મૂકાઈ રહ્યો છે. બીજી તરફ સરકાર પણ આ નબળી પરિસ્થિતિ છતાં ઈન્ફ્રાસ્ટ્રકચર પરના ખર્ચમાં વેગ લાવતી નહીં હોવાનું નેગેટીવ પરિબળ રહ્યું છે. જેથી વર્ષ ૨૦૨૪માં ચાઈનીઝ સ્ટીલનો વપરાશ ત્રણ ટકા જેટલો ઘટવાનો અંદાજ મૂકાઈ રહ્યો છે.સ્ટીલ ઉદ્યોગ વર્ષોથી વધુ પડતી ક્ષમતાથી ઘેરાયો છે. પ્રદૂષણને ઓછું કરવાના પ્રયાસમાં બૈજિંગ દ્વારા ઉત્પાદન પર લિમિટ બાંધવા અથવા તો પાછલા વર્ષના લેવલે ઉત્પાદનને જાળવવા પ્રયાસ કરાઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૦માં ઉત્પાદનમાં મજબૂત વૃદ્ધિને કારણે એક અબજ ટનનો આંક પાર થયો હતો.જર્મન સ્ટીલ જાયન્ટ થાયસીનક્રુપ દ્વારા પણ પરિણામ, કમાણીમાં મોટો ઘટાડો જાહેર કરીને ઉદ્યોગની સ્થિતિ પડકારરૂપ હોવાનું દર્શાવાયું હતું. અગાઉ આર્સેલરમિત્તલે પણ જણાવ્યું હતું કે, ચાઈનીની વધતી નિકાસોએ વૈશ્વિક બજારમાં બિનટકાઉ સ્થિત ઊભી કરી દીધી છે.

૧. સરકારી આંકડા મુજબ ઝ્રૈંઈ ના કન્ઝ્યુમર પિરામિડ હાઉસહોલ્ડ સર્વે મુજબ ભારતમાં બેરોજગારીનો દર મે ૨૦૨૪માં ૭ ટકાથી જૂન ૨૦૨૪માં ઝડપથી વધીને ૯.૨ ટકા થયો છે.

૨. પીએચડી ભણેલ યુવાન નોકરીઓ માટે પરીક્ષા ઓ આપે અને પેપર લીક થાય કે પરીક્ષા કેન્શલ થાય કોર્ટ મેટર બને અને પાસ થાય પછી પણ મેરીટ પ્રમાણે નોકરી ના મળે અને છેલે નિરાશ થયી ડ્રાયવર ની નોકરી માટે અરજી કરે. એક ડ્રાયવર ની નોકરી ની જગ્યા માટે એક લાખ અરજીઓ આવે . આનાથી બદતર સ્થિતિ શું હોઈ શકે.

૩. બેરોજગારી દર વધતો રહ્યો છે.અને નિરાશ યુવાનો ઉપર ઘર ના લોકો અને સમાજ નો માનશીક ત્રાસ ત્રાસ વધે છે. અને છેલ્લે નિરાશા તેને આત્મહત્યા કરવા પ્રેરે છે. અને કુટુંબ આખુય સામુહિક આત્મહત્યા કરે.

૪. સામુહિક આત્મહત્યા ના કિસ્સા વધ્યા છે છતાં સરકાર સરકારી પુષ્કર નોકરીઓ ખાલી હોવા છતાં ભરતી કરતી નથી.

૫. સ્ત્રીઓની સ્થિતિ વધુ બદતર છે તેમને નાછુટકે વેશ્યા વૃતિ માં ધકેલાવું પડે છે.

૬. બેકાર યુવાન ને દારુ કે ડ્રગ્સ ની લત પડી જાય કે અસામાજિક તત્વો ના સંપર્ક માં આવતા નકસલવાદી કે આતંકવાદી બનવું પડે અથવા ગુનાખોરી ,ચોરી ચપાટી જેવા ધંધા માં પડે છે.સરકારી નોકરી ના હોય તેટલે લગ્ન પણ નાથાય .બધી રીતે તકલીફ તકલીફ જ તનાવ માં શારીરિક ક્ષમતા ઘટે નવા રોગો નો ભોગ બને બહુ બધા દુષણ નું કારણ બેરોજગારી છે.

૭. પ્રાઈવેટ નોકરીઓ માં પગાર ઓછો,શોષણ વધુ ટાઈમ વધુ.અને છેલ્લે મોટી કંપનીઓ જથાબંધ નોકરિયાતો ને છુટા કરે છે . હમણાં રિલાયન્સે ૪૦૦૦૦ નોકરિયાતો ને કાનૂની લાભ આપ્યા વિના છુટા કર્યા.માણસ સરકાર પર નો વિશ્વાસ ગુમાવી રહેલ છે.

૮. વર્ષો થી સરકારી ખાતા માં કોન્ટ્રાક્ટ સીસ્ટમ માં નોકરીઓ અપાય છે.વચેટિયા મોટા ભાગ ના પગાર ના હિસ્સો લઈ લે. તે તો ઠીક બીજા મહીને નોકરી ના હોય. અને સફાઈ કામદારો ના કોન્ટ્રાક્ટ માં સ્ત્રીઓ ને ઘર કામ કરાવાય અને જાતીય શોષણ થાય. મૂંગા મોઢે ક્યાં સુધી સહન કરશે પ્રજા આ બધુ.

૯. મોટા પ્રોજેક્ટો માં જમીન ગુમાવનારા ની હાલત ઓર ખરાબ. જમીન ગુમાવી વળતર ઓછું અને વારસદાર કે ઘર ના સભ્ય ને નોકરી માટે લોલીપોપ અપાય અને નોકરી ના મળે અને પ્રોજેક્ટ વાળા સ્થાનીકો ને નોકરીઓ નાં આપે અને બીજા રાજ્ય ના પરપ્રાંતીય ને રાખે અને તે એકલા પત્ની વગર ના રહે અને શુરુ થાય બીજું દુષણ.તેવો બીપી જુવે,ડ્રગ્સ લે કે દારુ પી રાત પડે છોકરીઓ શોધે ને દુષ્કર્મ ના કિસ્સા વધે. અને એઈડસ ફેલાવે. બહુ થયું બેરોજગારી નું.

૧૦. ૭૮ વર્ષ ની આઝાદી પછી પણ ભારત ના નાગરિકો ની સ્થિતિ નપુશંક જેવી બની રહે. ના સહેવાય ના કહેવાય.અને મરી પણ ના શકાય.લડી પણ ના શકાય.જવું તો ક્યાં જવું, જ્યાં જાય ત્યાં કોઈ જ ન્યાય ની આશા નહિ. કોર્ટ હોય કે સરકારી કામો બસ ભ્રષ્ટાચાર વધ્યો અને મોઘવારી વધી. સરકારી રાશન પર જીવવું પડે, કેટલીક કંપનીઓએ કૉસ્ટ કટિંગ કરવા પોતાના કર્મચારીઓની છટણી કરવાથી લઈને પગારકાપ સુધીનાં પગલાં લીધાં છે.

૧૧. આ સ્થિતિ માં આઝાદી વખત ની સ્વયંભુ જન્મેલ આંદોલનો અને એકતા ના ઉદાહરણ યાદ આવે છે. સરકારો ધર્મ જાતી જ્ઞાતિ ના નામે આંતરિક લડાઈઓ કરાવે અને તેનો લાભ લે. શું થશે .

૧૨. જાન્યુઆરી-માર્ચ ૨૦૨૩માં મહિલા રોજગારીનો દર ૯.૨% હતો જે જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪માં ૮.૫% હતો

૧૩. રાજ્યના દરેક સરકારી વિભાગોમાં આઉટસૉર્સિંગથી ભરતી કરવાની રાજ્ય સરકારની ઘેલછાનો ભોગ નાના અને ચોથા વર્ગના કામદારોને બનવું પડતું હોય છે. આઉટસૉર્સિંગથી કામદારોની ભરતી કરાતાં અંશકાલીન કામદારોને નોટિસ આપ્યા વિના જ છુટા કરી દેવાય છે.. આ સ્થિતિ રાજ્યભરમાં છે. આઉટસૉર્સિંગથી લેવાયેલા કામદારોને ફક્ત રૂ. ૪૫૦૦ પગાર ચૂકવાઈ રહ્યો છે.આ પગારમાં ઘરના બે છેડા ભેગા કરવામાં મુશ્કેલી છે.દયનીય સ્થિતિમાં જીવતા કામદારોની અનેક રજુઆતો બહેરા કાને અથડાઈ રહી છે ભરતી કરાયેલા અને ૩ વર્ષ સુધી નોકરી કરનારા કામદારને નોકરીમાં પાછા રાખી લેવા આદેશ છતાં સરકાર કોર્ટના આદેશને પણ અવગણી કામદારોને નોકરી પર લેતા નથી.

૧૪. હીરાઉધોગ મા કામ કરતા રત્નકલાકારો હાલ ભારે મુસીબત મા મુકાયા છે કેમ કે એક તરફ બેરોજગારી અને આર્થિકતંગી અને પછી લોકડાઉન ની ગંભીર અસર રત્નકલાકારો ઉપર પડી છે

સરકારે લોકડાઉન જાહેર કર્યું ત્યારે એવો પરિપત્ર જાહેર કર્યો હતો કે કામદારો ને લોકડાઉન નો પગાર ચૂકવવો પડશે પણ હીરાઉધોગ ના રત્નકલાકારો ને લોકડાઉન નો પગાર ચૂકવાયો નથી અને સમી દિવાળીએ વેકેશન જાહેર કરાયું છે.

૧૫. તો બીજી તરફ સરકારશ્રી દ્વારા પણ રત્નકલાકારો ને સહાય કે મદદ કરવા મા આવી નથી જેના કારણે રત્નકલાકારો ભારે હાલાકી મા મુકાય ગયા છે.હીરા ઉધોગ ના રત્નકલાકારો બેરોજગારી અને આર્થિકતંગી ના કારણે આપઘાત કરી જીવન ટૂંકાવી લેવાના બનાવો વધી રહ્યા છે અને જો સરકાર અને માલિકો રત્નકલાકારો ની વ્હારે નહીં આવે તો વધુ રત્નકલાકારો નો ભોગ લેવાય જવાની આશંકા છે

૧૬. હવે પ્રાઈવેટ ફેકટરીઓ માં મોટા ભાગ ના પર પ્રાંતીય મજદૂરો ને વધુ ટાઈમ ની નોકરી,ઓવર ટાઈમ નહિ,સરકારી રજા બોનસ સર્વિસ પગાર ના લાભ નહિ ઘણા ને પીએફ ઇએસાઈ ના લાભ મળતા જ નથી. અને યુનિયનો માલિક તરફે ના બની ગયા છે એટલે કેશો માં મજદૂર ને છેલ્લે ન્યાય મળતો નથી એટલે તો ગુજરાત ની છાપ એન્ટી લેબર સ્ટેટ તરીકે ની થઇ છે.વિકાસ છે કે વિનાશ ખબર જ નથી પડતી.

હવે ઉકેલ શું હોઈ શકે ?

લોક અંદોલન ઉભું થાય સરકાર ઉપર દબાણ થાય અને તે અંગે છોકાસ નીતિ ઘડાય કાનુન નું કડક પાલન થાય.

સરકારી રોજગાર કચેરીઓ ના સ્ટાફ નો ખર્ચો કરોડો કાર્ય પછી નોકરીઓ ના નામે મીંડું. તો ખોટી સરકારી રોજગાર કચેરીઓ બંધ કરવી જોઈએ. સ્કીલ દેવ્વેલ્પ્મેન્ત ના નામે ભ્રષ્ટાચાર થાય માંન્રેગા માં મૃત થયેલ લોકો ના નામે કે સરકારી અધિકારી ને પણ પૈસા અપાય છે .માણસો નું કામ જેસીબી થી થાય ખોટી હજીઓ પુરાય.ખોટી ગ્રાન્ટ વપરાય સરકારી નાણા નો વ્યય થાય.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ રોડ રેલ્વે પુલો બ્રીજ બંદરો પાવર પ્લાન્ટ વિગેર માં ટેન્ડરો થી કંપ અપાય અને વીમા વગર સુરક્ષા વગર મજદૂરો નું શોષણ થાય.

આમ દરેક મોરચે રોજગારી બાબતે સરકાર નિષ્ફળ થઇ લાગે છે.

૧૭. ભારતમાં ત્રણ ચતુર્થાંશ લોકો સૅલ્ફ-ઍમ્પ્લૉય્ડ છે. જેમાં તેમને કોઈ સામાજિક સુરક્ષા લાભો મળતા નથી.

૧૮. દેશમાં માત્ર બે ટકાથી વધુ કર્મચારીઓ પાસે સામાજિક સુરક્ષા, નિવૃત્તિ બચત યોજના, સહિતની ઔપચારિક નોકરી છે. જ્યારે ૪ ટકાથી વધુ એવા કર્મચારીઓ છે જેમની પાસે માત્ર એક જ સમાજિક સુરક્ષા સ્રોતની ઉપલબ્ધિ સાથે ઔપચારિક નોકરી છે.

૧૯. ભારતમાં બહુમતી કામદારો નિર્બળ છે અને તે રામભરોસે જીવન જીવી રહ્યા છે.×

૨૦. તેમની આવક પણ ખૂબ ઓછી છે. સરવે પ્રમાણે, પગાર પર કામ કરતા ૪૫ ટકા કર્મચારીઓ મહિને ૯,૭૫૦ રૂપિયાથી પણ ઓછું કમાય છે. જે દિવસદીઠ રૂપિયા ૩૭૫ થાય છે.

૨૧. વર્ષ ૨૦૧૯માં ન્યૂનતમ પગાર આપવાનું વિચારાધીન હતું. જે પાછળથી પડતું મૂકી દેવાયું હતું.

૨૨. ઉચ્ચ વૃદ્ધિ હોવા છતાં ભારતની સ્થાનિક બેરોજગારી પાછળનું કારણ એ છે કે પ્રાથમિક રીતે કૃષિ પર નભતા અર્થતમત્રમાંથી ઝડપથી સેવાકીય અર્થતંત્ર તરફ આગળ વધવું.

૨૩. ભારતનાં કદનું કોઈ પણ રાષ્ટ્ર સેવાકીય અર્થવ્યવસ્થાના જોરે વિકાસ કરી રહ્યું નથી.

૨૪. ભારતનો વિકાસ સૉફ્ટવૅર અને ફાઇનાન્સ ડેવી સેવાઓ પર આધારિત છે. ઓછા કુશળ કામદારોને મોટી સંખ્યામાં રાખી શકે તેવા ઉત્પાદન એકમો અથવા કારખાનાઓમાં ઓછી નોકરી છે.

૨૫. ભારતની

આભાર - નિહારીકા રવિયા બેરોજગારી ચિંતાજનક છે. કારણકે દેશનો વિકાસ ફરી શરૂ થઈ રહ્યો હોવા છતાં ભારતમાં તળિયાનો વર્ગ અન્ય દેશોની તુલનામાં વધુ ખરાબ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે.

૨૬. સરકારે ફુગાવાને અંકુશમાં લેવાની, રોજગારી ઉત્પન્ન કરવાની અને કામદારોને ટેકો આપવાની જરૂર છે.

૨૭. આ ઉપરાંત મોદીના શાસન દરમિયાન ×ધ્રુવીકરણ અને નફરતની રાજનીતિ× ભરોસાને નુક્સાન પહોંચાડે છે. જે આર્થિક વિકાસ માટેના અત્યંત મહત્વના માપદંડો માંનું એક છે.લાંબી વાત થઇ પણ પ્રશ્ન ને સમજવા બધું લખવું જરૂરી લાગ્યું છે મને .

હવે શક્ય ઉકેલ ની વાત કરવી છે.

૨૮. હું એક સામાજિક કાર્યકર ,ગાંધીવાદી વિચારધારામાં હજુય અતુટ શ્રદ્ધા છે.કોઈએ તો આગળ આવવું પડશે. હું કોઈ રાજકીય પક્ષ સાથે કદાપી જોડાયેલ નથી અને કદી જોડાવાનો નથી. મને દેશ ના નાગરિકો ની આ હાલત પર જે થાય તે કરી લેવા નો પ્રયત્ન કરવાના ઈરાદા થી સુધારા કરવાના ઈરાદા થી પહેલા ધરના પછી પ્રતિક ઉપવાસ અને અચોકકસ મુદત ના ઉપવાસ સાથો સાથ કોર્ટ કાર્યવાહી ઓ અને આમરણાંત ઉપવાસ જેવા ગાંધી ચિંધ્યા માર્ગે લડાઈ કરવામાં રસ છે. અમુક યુંનીયનો મને સપોર્ટ આપી ચુક્યા છે.લોકો માં આ વિષે જાગૃતિ ઉભી કરી પ્રજામત કેળવી સંગઠન બનાવી સામુહિક લડાઈ કરવી જરૂરી લાગે છે એટલે તારીખ ૨૯ ઓગસ્ટ ૨૪ થી (અરજી છેલ્લા બે માસ થી ધક્કા ખાઈ લેખિત મંજુરી ના મળતા) સવિનય કાનૂન ભંગ કરી પ્રતિક ઉપવાસ અને ધરણા બહુમાળી ભવન વચ્ચે ના ચાર રસ્તે લીમડા ના ઝાડ નીચે શુરુ કરનાર છું મને તમારો સહકાર જોઈએ છે.મને સપોર્ટ આપવા આ બાબત ને તમારા મિત્રો માં શેર કરો સોસીયલ મીડિયા માં વધુ લોકો ને મિત્રો ને ગ્રુપ માં મુકો અને સ્થળ પર આવી તમારી લેખિત સહકાર ની નોંધ મને આપો.જયહિન્દ. નટુભાઈ

લગે રહો...સુરત

## વડોદરા મહાનગરમાં રિંગરોડ નિર્માણ માટે

# ૩૧૬.૭૮ કરોડ રૂપિયાની ફાળવણી

# કરતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડોદરા મહાનગરમાં રિંગરોડ નિર્માણ માટે ૩૧૬.૭૮ કરોડ રૂપિયાની ફાળવણી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત કરી છે.

વડોદરા મહાનગર અને તેના આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના સતત વધતા જતા વિકાસ વ્યાપને પગલે ટ્રાફિકનું ભારણ હળવું કરવા સાથેના સુઆયોજીત વિકાસ માટે વુડાએ રિંગરોડ બનાવવાની જરૂરીયાત દર્શાવતું પ્રેઝન્ટેશન અને દરખાસ્ત ર્પેઝ્ઢસ માં કરી હતી.

?મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ આ દરખાસ્ત રજૂ થતાં તેમણે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વુડાને રિંગરોડ નિર્માણ માટે આ ૩૧૬.૭૮ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

?વડોદરા મહાનગરમાં આ રિંગરોડ સમગ્રતયા ૬૬ કિ.મી. લાંબો અને ૭૫ મીટર પહોળાઈ સાથે નિર્માણ થવાનો છે. તેના પ્રથમ તબક્કામાં ૪૫ મીટર પહોળાઈ સાથેના ૨૭.૫૮ કિ.મી. લંબાઈના રિંગરોડ માટે મુખ્યમંત્રીશ્રીએ આ રકમ ફાળવી છે.

?આ ૨૭.૫૮ કિ.મી.ના રિંગરોડના પ્રથમ તબક્કા માટે નાણાં ફાળવણી થતાં હવે નિર્માણ કાર્ય વેગવંતુ બનશે. આના પરિણામે પૂર્વ વિસ્તારમાં ૧૦.૭૦ કિ.મી. અને પશ્ચિમ વિસ્તારમાં ૧૬.૮૪ કિ.મી. નું કામ હાથ ધરાશે.

?પશ્ચિમ વિસ્તારમાં જે ૧૬.૮૪ કિ.મી.ના રિંગરોડનું નિર્માણ થશે તેના કારણે ટ્રાફિક ભારણ ઘટવા સાથે રિંગરોડ ફરતે અને આસપાસના વિસ્તારોમાં વિકાસને નવી ગતિ મળશે.

?એટલું જ નહિ, સ્ટેચ્યુ ઓફ યુનિટિ-એક્તા નગર તરફ જતા રસ્તા પરનું ટ્રાફિક ભારણ ઓછું થશે અને મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે-૮ પરના વાહન વ્યવહારનો ટ્રાફિક પણ હળવો થશે.

---

### સાંજ

ઢળવાને સૂરજ દેવ તૈયાર થયા,
તાપ ઓછો કરવા ધવલ વસ્ત્રો ધારણ કર્યા,

વિદાય તો લેવી પડશે નિત્યક્રમ મુજબ,
રોકવા પ્રિયતમને સાંજે કર્યા પ્રયત્નો ગજબ,

રંગબેરંગી ઠાઠ સજી સાંજ પ્રિયતમને રિઝવે
ડૂબતા સૂરજ દેવ પ્રિયતમાને પજવે

પંખીના કલરવ તણું સંગીત વાગે,
પ્રાર્થના અર્થે મંદિર ઝાલર વાગે,

સમય થતાં લેવી પડશે વિદાય,
ના કર રોકવાના પ્રયત્નો સદાય,

સમજાવી સાંજને સૂર્યદેવ અસ્ત થાયે
પ્રીતમના પ્રયાણથી સાંજ પણ વિદાય થાયે,

ચોમેર નિરવ શાંતિનો અંધકાર છવાઈ જાયે!

-પૂર્વી શાહ (અમદાવાદ)

(અછાંદસ પદ્ય કૃતિ)

તારી માદક મોરલીના સુર; મને સતાવે બહું કાન્હા,
તારા પ્રેમની દીવાની; તારી ચાહમાં જોગન બની,

ચાલ હું અને તું મળી; એ ભેદ મિટાવી દઈએ,
બ્રહ્મ ક્ષિતિજની હદ વટાવી; પેલે પાર જઈએ,

વ્રજ ગોપીઓ સાથે રાસ રમી; રમઝટ બોલાવી લઈએ,
વૃંદાવનમાં ઘેનું ચરાવી, તારી સાથે માખણ ચોરી લઈએ,

કદમ્બની ડાળે બેસી; જરાક હીંચકે ઝુલી લઈએ,
તારામય બની જાવ હું; ને મારામય બની જાય તું,

કૃષ્ણ જ કૃષ્ણ બની, ગગને કૃષ્ણ બની વિહરિયે.
જ્યોતિ મહેતા. ''પ્રેમજ્યોતિ''- બારડોલી.

પપપપપપપપપપપપપ..

કોશિશ તો એ તોડવાની અમને ઘણીય કરી ચૂક્યાં,
છતાંય દિલથી તૂટીને પણ મનથી ક્યાં અમે તૂટ્યાં!

મનને શું અસર? મન તો હજુયે એટલું જ છે મજબૂત,
એતો હૃદયનાં સબંધ એનાથી ધીરે ધીરે કરીને રૂઠયાં!

સ્વપ્નાં જોયાં ખુલ્લી આંખે, એનીજ સાથે કેટલાંય,
ચીસો પણ ન સાંભળી કાને, સ્વપ્ન એવી રીતે લૂંટ્યા!

દર્દ પણ શું જાણે કંઈ? કોઈના દિલમાં છૂપી તકલીફનું,
મુસ્કાન મોંઢે જોઈ સૌ કોઈ બહારથી મસ્તી કરી છૂટ્યાં!

આશા બીજાની નકામી છે, યાદ રાખજે તું "શ્યામ દીવાની"
હવે મૂકી મોહમાયા સઘળી, અમે શ્યામનાં જ થઈ ચૂક્યાં!

વનિતા પાંભર. "શ્યામ દિવાની"(જામનગર)

પપપપપપપપપપપપપ.

આગમન જ્યારે અવસર બની જાય છે,
શબ્દો જ કંકુ ચોખા બની વધેરાઈ જાય છે.

હૃદયની સૂકી જમીન પર જયારે સ્નેહછાંટણા થાય છે,
પ્રેમનાં ત્યાં ફરી પાછા બીજાંકુરણ થાય છે.

વચન વાયદાઓની જ્યારે આપસમાં આપલે થાય છે,
ત્યારે ઉપર બેઠેલો ભાગ્યવિધાતા મંદ મંદ મલકાય છે.

એનાં હાથની કઠપૂતળીનાં ખેલ એ જોતો જાય છે
અને માનવમન અહીં પોતાની મમત પર ઈતરાય છે.

જિંદગીના સૂરતાલ જ્યારે બેસૂરા થાય છે "રેશમ"
ત્યારે અને ત્યારે જ એને એની પ્રતીતિ થાય છે.

રેશ્મા પટેલ (સુરત )

પપપપપપપપપપપપપપપપ..

વિચારોમાં તમે આવો તો, શબ્દોનું અવતરણ થશે,
લખાશે ગઝલ રાત આખી, ને જાગરણ થશે.

રાગ ભળતા એકમેકમાં સૂરોનું સંગીત બનશે,
ત્યારે, હૃદયની વાતોનું વિતરણ થશે.

ઉગશે ક્યારે દી, ઢળશે ક્યારે સાંજ ખબર નહિ પડે!
કળી રાતરાણી ની કલમ મારી, ખીલતા ખીલતા સગંધનું આવરણ થશે.

ગીત મધુર આગિયા વૃક્ષ ડાળીએ દીપ હશે,
મારી પંક્તિમાં જોડાઈ ખાસ ઉપનામે એ ધારણ થશે.

આંસુના છલકારા, બુંદ બુંદમાં કૃષ્ણ નામ ધબકારા થશે,
"દિવાની" ની શ્વાસે શ્વાસમાં રાધા રમણ થશે.

?? કિરણ ચોનકર "દિવાની'' (ધરમપુર)

પપપપપપપપપપપપપ..

### પ્રામાણિક

હે પ્રભુ! દેજે મુજને એટલું વરદાન,
પ્રામાણિક બની હું માનું ખુદને ધનવાન.

અન્યને આપી શકીશ હું સન્માન,
જો પ્રથમ હશે મને ખુદ પર માન.

દરેક સાથે રહું બનીને પ્રામાણિક વ્યક્તિ,
કરું આરંભ ખુદથી જ દે એવી મને શક્તિ.

માનવ છું તો પ્રથમ માણસાઈ દાખવી શકું,
પ્રામાણિક બની હું મારું વ્યક્તિત્વ નિખારી શકું.

અન્યની ભૂલોને ભૂલી માફ કરી શકું અને,
સમય આવ્યે પોતાની ભૂલોને સ્વીકારી શકું.

મન અને કર્મ હશે સાફ તો જીવન થશે સાર્થક,

પ્રામાણિકતા અને વફાદારીનું પહેરી ઘરેણું,

દેખાવું મારે અંતરમનથી સુંદર અને આહલાદક.

તન્વી શુક્લ (નડિયાદ )

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N. O G. S. S. No. 0102**
વિષય :-તિરંગા દેશની આન,બાન શાન
વિષય :- ૧૫મી ઓગસ્ટ.
શબ્દ:- ૩૦૦.

તિરંગાએ ભારત દેશની આનબાન અને શાન છે. તેમાં રહેલા ત્રણ રંગો શક્તિ, શાંતિ અને સમૃદ્ધિનું સૂચન કરે છે . ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ના ભારત સ્વતંત્ર થયો તેને આજે આજે ૭૭ વર્ષ થયા છે.

ભારતમાં અનેક રાજા મહારાજાઓ થઈ ગયા રજપૂતો પછી સુલતાનો આવ્યા મોગલો આવ્યા અને ત્યાર પછી અંગ્રેજો આવ્યા જેણે ઘણા વર્ષો સુધી ભારતને ગુલામીમાં જકડી રાખ્યું. દેશના હજારો લોકોએ પોતાના બલિદાન દઈ અને દેશને આઝાદ કરાવવાની જે ઝુંબેશ ઉપાડી તે શહીદોના નામની યાદી લાંબી છે પરંતુ તેઓના સહિયારા પ્રયત્નોને કારણે આપણે સ્વતંત્રતા પ્રાપ્ત થઈ અને ભારત દેશ અંગ્રેજોથી મુક્ત બની અને ભારત દેશમા સ્વતંત્રતા ની સ્થાપના થઈ .

૫૫૬ જેટલા નાના મોટા રજવાડાઓને સરદાર વલ્લભભાઈ પટેલે એક કર્યા અને તેને ભારત સંઘમાં જોડી દીધા. દેશની આઝાદીમાં ગાંધીજી ,જવાલાલ નેહરૂ, સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા અનેક લોકોએ દેશને આઝાદ કરાવ્યો.

ભારત સ્વતંત્ર થયા પછી ઘણા બધા પ્રશ્નોનો આપણે સામનો કરતા રહ્યા છીએ.

સ્વતંત્ર ભારતની રચના થયા બાદ આજે ૭૭ વર્ષ જ્યારે થાય છે ત્યારે દેશે દુનિયાના દેશોમાં ઘણી બધી પ્રગતિ થઈ છે. આજે ભારતની નામના દુનિયાના દેશોમાં જાણીતી બની ગઈ છે. તેને સફળ કરવાવાળા જે નેતાઓ છે તેની યાદી પણ લાંબી છે, પરંતુ છેલ્લે છેલ્લે જોઈએ તો નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલા પ્રયત્ન છે એ પણ ઘણા ધ્યાન ખેંચે તેવા છે.

આજે દેશના નાગરિકો આધુનિક જીવન જીવે છે ધમધમતા કારખાનાઓ લોકોને રોજીરોટી મળે છે. મકાનો, વીજળી, આરોગ્ય ,શિક્ષણની વ્યવસ્થા અને તમામ પ્રકારના વિકાસની સુવિધા સરકાર કરી રહી છે. જોકે સરકારની સામે અનેક પ્રશ્નો આવે છે સ્વતંત્ર ભારતને હજુ પણ વધારે રામરાજ્ય બનાવવા માટેના આજની સરકાર પ્રયત્ન કરી રહી છે અને તેમાં દરેક નાગરિક પોતે આજના દિવસે પવિત્ર ફાળો આપે.

ઘરે-ઘરે ત્રિરંગા લહેરી અને મનની અંદર દેશ પ્રત્યેની ભાવના જાગૃત કરી અને પોતે દેશ માટે શુ કરી શકે છે તે સંકલ્પ કરી અને વ્યક્તિ સેવામાં જોડાઈ એ જ આજના દિવસે જરૂરી સંદેશ છે. મારો ભારત દેશ મહાન.

રતીલાલ વાયડા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO:00 51**
વિષય: "તિરંગા (હિન્દુસ્તાનની આન ,બાન, શાન) ૧૫ મી ઑગસ્ટ "
શીર્ષક: "દેશનું ગૌરવ"
પ્રકાર: પદ્ય શબ્દ: ૧૩૫

ધર્મની ધરા પર,
દેશની આઝાદીની લહેરો.!દેશનું ગૌરવ તિરંગો..!

શહીદોનું બલિદાન સ્મરણ,
દેશની આઝાદીની શાન..!દેશનું ગૌરવ શહીદો..!

દેશની પ્રજાનો વિશ્વાસ,
તિરંગો ગગને લહેરાય..! દેશનું ગૌરવ પ્રજા..!

આવી પંદરમી ઑગસ્ટ,
દેશમાં અનેરો ઉત્સાહ..!દેશનું ગૌરવ ઉત્સાહ..!

વિજયના નારા ગૂંજતા,
ભારત દેશ મહાન..!દેશનું ગૌરવ ભારત..!

નામ:ઉર્વશી મહેતા. અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO163**
વિષય:૧૫મી ઓગષ્ટ /તિરંગા
વિભાગ: મૌલિક ચિંતન લેખ
શીર્ષક:સ્વતંત્રતા
શબ્દ:૩૩૦. ★સ્વતંત્રતા..★

આજે ૧૫મી ઓગષ્ટ આઝાદ દિન..
કેટલાય શહીદોએ દેશને માટે પોતાની જાન ન્યોછાવર કરી, ત્યારે આપણો દેશ સ્વતંત્ર થયો છે. આ બધા વિચારો કરતાં સૌથી પહેલાં શહીદોના નામનો દીવો કરી અંતર્મનથી શ્રદ્ધાંજલી અર્પણ કરી.

આઝાદીના આજે ૭૭ વર્ષ પૂરા થયા હતા. 'હર ઘર તિરંગા..ઘરઘર તિરંગા' ઠેર ઠેર દેખાઈ રહ્યા હતા. અરે, નાની નાની રેંકડીવાળાઓ પણ ત્રિરંગો લહેરાવી આવતા જતા લોકોને ફ્રી માં મોર્નિંગ ટી પીવડાવી સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે હરખ મનાવી રહ્યા હતા.
પરંતુ આ વિચારોની શૃંખલા અટકી ન હતી.
★આઝાદીના ૭૭વર્ષ પછી પણ આપણે સ્વતંત્ર ભારત ના લોકો ખરેખર સાચા અર્થમાં સ્વતંત્ર થયા છીએ ખરા.. કે પછી ભ્રમમાં જીવીએ છીએ?★
★આ સવાલ સતત મનમાં થયા કરે.★
સાચી વાત તો એ છે, કે ★સ્વતંત્ર ભારતના આપણે લોકો..★
આપણા વડવાઓ જે ગુલામી અને પરતંત્રતામાં.. જીવ્યા હતા એ પરતંત્રતા આપણે તો જોઈ જ નથી. આપણે તો આઝાદ ભારતમાં જન્મ લીધો છે, એટલે સ્વતંત્ર જ છીએ.
★દુ:ખની વાત એ છે કે આપણે આપણા સંસ્કાર ભૂલી પશ્ચિમી સંસ્કૃતિના રવાડે ચઢ્યા છીએ..★
વિષય, વિકાર અને વ્યસન જેવા અનેક દૂષણોએ આપણા ઉપર કબજો જમાવ્યો છે.

સ્વતંત્ર થયા પછી આપણે વધુ ને વધુ પશ્ચિમી સંસ્કૃતિ તરફ વળ્યા છીએ.
અને પશ્ચિમના લોકો આપણી સંસ્કૃતિ તરફ વળ્યા છે.
અમન ચમન કરતાં આપણી મૂળભૂત સંસ્કૃતિ જ આપણે ભૂલતા ગયા છીએ.

આજકાલ તો દીકરીઓ પણ દીકરાની જેમ ઉછરવા લાગી છે એટલે લગ્ન પછી સમજણની જગ્યાએ બરોબરી ની ભાવનાએ જોર પકડ્યું છે. ડીવોર્સના કેસ સતત વધી રહ્યા છે. માનસિક તાણ સાથે સૌ જીવી રહ્યા છે. નેતાઓ પોતપોતાની ખુરશી મજબૂત કરવામાં વ્યસ્ત છે, મધ્યમ વર્ગ પીસાયા કરતો જોવા મળે છે. ગાલે તમાચો મારી લાલ રાખી રહ્યા છે.
આવા સંજોગોમાં ચાલો મિત્રો આજના આ મંગલ ઐતિહાસિક દિને આપણે સૌ ચિંતન કરી આપણી સંસ્કૃતિ અને સંસ્કારને દીપાવીએ અને દેશના વિકાસની કેડીએ આગળ વધીએ. સ્વતંત્ર ભારતના લોકો આપણે ગતિમાન બની સાચા અર્થમા સંકલ્પ કરીએ કે અત્યાર સુધી જે કાંઈ ભૂલો કરી છે એનું પુનરાવર્તન ના કરીએ. ધૈર્યશીલ બની બધી બદીઓને દૂર કરી આપણા સંસ્કાર દીપાવીએ.

??????????????
શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,
'મૌની'વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : 'તિરંગા (હિન્દુસ્તાનની આન, બાન, શાન)
૧૫ મી ઑગસ્ટ.
શીર્ષક : " તિરંગો અમારી જાન છે "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૯૪.

તિરંગો અમારી શાન, તિરંગો અમારી જાન છે.
દરેક હિન્દુસ્તાનીઓનો, તિરંગો અભિમાન છે,

દેશના દુશ્મનોને કદી પણ જીવતા ના છોડીશું,
આતંકવાદ, અલગતાવાદને મૂળથી ઉખેડીશું,

વતન અમારી આન, વતન અમારું ઈમાન છે,
દરેક હિન્દુસ્તાનીઓનો, તિરંગો અભિમાન છે,

મંદિરમાં લહેરાશે તિરંગો મસ્જિદમાં લહેરાશે,
ગીરજાઘરમાં ને તિરંગો, ગુરુદ્વારામાં લહેરાશે,

હર ધર્મ અમારી શાન, હર ધર્મ સ્વાભિમાન છે,
દરેક હિન્દુસ્તાનીઓનો, તિરંગો અભિમાન છે,

ગર્વ કરે હર પ્રાંત અહીં, ગર્વ કરે હર જાતિ છે,
વિવિધભાષીઆ દેશની વિશ્વભરમાં ખ્યાતિ છે,

હર પ્રાંત અમારી શાન, હર જાતી સ્વમાન છે,
હરેક હિન્દુસ્તાનીઓનો, તિરંગો અભિમાન છે,

શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG .SS .321**
વિષય .તિરંગા હિન્દુસ્તાન ની આન બાન શાન
શીર્ષક. કસુંબો
શબ્દ.૧૬૦
આપડી આઝાદી નું આ પર્વ એટલે ૧૫ ઓગસ્ટ. આજ દિવસે આપણે અંગ્રેજો થી આઝાદી મેળવી અને રાષ્ટ્ર ધ્વજ ફરકાવ્યો બસ ત્યારથી અત્યાર સુધીમાં તિરંગો વિશ્વ ફલક પર એક મહા સત્તા ના સ્વરૂપે બિરાજે છે
અને એ આપણે યુક્રેન ના યુદ્ધ વખતે સાબીત થતું જોયું.આ તિરંગો ચાંદ ,મંગળ ગ્રહ પર પણ લેહરી ઉઠ્યો .દેશ માં ભલે ધર્મ જુદા છે બોલી અલગ છે પણ એકતા એટલીજ અકબંધ છે.
માતૃ ભૂમિ માટે દેશ ના દરેક નાગરિક ની દેશભક્તિ એમની આંખો મા એ દરેક વખતે ચમકતી જોવા મળે છે .જ્યારે જ્યારે ભારત ક્રિકેટ મેચ હોય ઓલમ્પિક હોય કે અન્ય રમત ગમત મા મળેલી જીત એ જીત આખું ભારત ઉજવે છે
"ના ઝૂક્યા ના ઝુકશું અમો ભારત વાસી છે
કર્યો કસુંબો એ વખતે પણ
ને હજુ પણ એ ખુમારી છે
વિશ્વ ફલક પર આજ લેહારતી અમારી ખુદારી છે.
છે, ફક્ત એક તિરંગો ઓળખાણ અમારી
ગર્વ થી કેહશુ અમે ભારતવાસી છે"

લેખિકા. સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 171**
વિષય : 'તિરંગા
આભાર - નિહારીકા રવિયા (હિન્દુસ્તાનની આન, બાન, શાન)
૧૫ મી ઑગસ્ટ.
શીર્ષક : આઝાદી
પ્રકાર : પદ્ય, શબ્દો : ૧૧૬

મફતમાં મળી છે આઝાદી તો, માને છે કિસ્મત,
સમર્પણ કોરાણે મૂકીને બધાંય શોધે છે રિશ્વત.

જાતિ-પાતી-ધરમ-ભરમમા સપડાયો છે સ્વદેશ,
કોઈને કંઈ પડી નથી, નથી રહી કોઈ માં ખિદમત.

ખડે પગે સરહદે સુરક્ષા કરતા ત્યાગ ભાવે જવાન,
કઇ પળે શું થાશે ? એ જાણેને એમનું કિસ્મત.

જો મરણ થાય તો શહીદ કહશે ને કરશે અવગત,
હોંશેહોંશે ચૂકવે છે એ એના બલિદાનની કિંમત.

તિરંગામાં લપેટાઈને જ્યારે આવે પરિવારની સામે,
કલ્પાંતની એ ક્ષણને જોવાની, છે કોઈ માં હિંમત.

'સ્ટેટસ' મૂકીને પ્રાર્થના કરવાની રહી છે સૌમાં આદત,
પછી ક્યાં રહે છે કોઈને એ શહીદ સાથે નિસ્બત ?

છાસવારે મરે છે હુમલામાં આપણાં સરહદે સૈનિક,
શૌર્ય થકી જનતા બોલે છે, તમે બદલો હવે ફિદરત.

હિંમતનગર. -- ટી.કે.વાઘેલા 'નંદી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[ NOG SS NO 340**
વિષય:- તિરંગા (હિન્દુસ્તાનની આન બાન અને શાન ૧૫મી ઓગષ્ટ)
શિર્ષક:- "આઝાદીકી બાત હીકુછનિરાલી હૈ". પ્રકાર:- પદ્ય
શબ્દો:- ૧૪૦ લાઈન :-૧૧

"આઝાદી કી બાત હી કુછ નિરાલી હૈ"

ગાંધીજી ઔર સરદાર કી ભુમી સબસે નિરાલી હૈ,

અહિંસા ઔર એકતા કી જોડી ને ભારત કી સાન બઢાઈ હૈ!

ભગતસિંહ, સુખદેવ ઔર રાજગુરુ કી બાત હી કુછ નિરાલી હૈ,

અપને દેશ કે લિયે યુવાની મેં જાન કી બાજી લગાઈ હૈ!

વીર સાવરકર ઔર આઝાદ ને તિરંગા કી શાન બઢાઈ હૈ,

દોનો કી જોડી ને હિન્દુસ્તાન કી આન બાન સાન બઢાઈ હૈ!

સુભાષ ચંદ્ર બોઝ ને હિન્દ સેના કી કમાન ખુદ સંભાલી હૈ,

હર હિન્દ કે નો જવાનને ખુન દેકર આઝાદી હમે દિલાઈ હૈ!

"સ્વયમભુ"ઈસ દેશ કી સુની હમને હર કહાની હમારી હૈ,

કંધે પર બચ્ચે કો લેકે લડી ઓ ઝાંસી વાલી રાની હૈ!

અશ્વિન રાઠોડ "સ્વયમભુ" વનાળીયા (મોરબી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO-169***
વિષય - તિરંગા
શીર્ષક - વંદન કરીએ. શબ્દો - ૯૩

વિજયગાથા આઝાદીની હરખે યાદ કરીએ,
આવો! ભારતમાતાની જય સૌ સાથે બોલીએ.

આઝાદી તણી લડતમાં સમર્પિત કર્યું જીવન,
એવા વીર સપૂતોને વંદન કરીએ.

ટાઢ, તાપ ને વરસાદ વેઠતાં, રક્ષા કરતાં સરહદોની,
કોઈના લાડકવાયાને હરખે વંદન કરીએ.

સત્ય ને અહિંસાના પંથે ચાલી, અપાવી આઝાદી,
એવા મહાત્મા ગાંધીબાપુને નમન કરીએ.

દેશની આન, બાન ને શાન તિરંગો ઊંચે લહેરાવીએ,
ધન્ય ધરા ભારત તણી મા ભારતીને વંદન કરીએ.

નથી મળી મફતમાં આઝાદી , મૂલ એના બહુ ભારી,
હક સાથે ફરજોનું પાલન કરી મા ભારતીને વંદન કરીએ.

વીર સાવરકર, ભગતસિંહ અને સુખદેવની વાતો સંભળાવી,
આવતીકાલના નાગરિક બાલુડાંમાં રાષ્ટ્રપ્રેમ જગાવીએ.

★લતાબેન ચૌહાણ.."સોનાવેલ" ગોધરા..★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 352**
વિષય :- તિરંગા
શીર્ષક:- સ્વતંત્રતા દિવસ
શબ્દ સંખ્યા:- ૩૨૮
★ભારતનો સ્વતંત્રતા દિવસ★

ભારતે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ બ્રિટિશ સરકારથી આઝાદી મેળવી હતી. આ દિવસ ભારતના ઈતિહાસમાં એક મહાન દિવસ છે. આ દિવસને આપણે ભારતના સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવીએ છીએ.આ દિવસે આપણે રાષ્ટ્ર ધ્વજ ફરકાવિએ છીએ.
રાષ્ટ્રધ્વજ ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ ફરકાવવામાં આવે છે પરંતુ બંને પ્રસંગોએ ધ્વજ ફરકાવવાના નિયમો પણ અલગ-અલગ છે. સ્વતંત્રતા દિવસ પર, ધ્વજને પહેલા નીચેથી દોરડું ખેંચીને ઉપર લાવવામાં આવે છે અને પછી ફરકાવવામાં આવે છે અને ફરકાવવામાં આવે છે. તેને ધ્વજવંદન કહેવામાં આવે છે. જ્યારે ૨૬મી જાન્યુઆરીના પ્રજાસત્તાક દિવસના અવસર પર, ધ્વજ ટોચ પર બાંધેલો રહે છે અને તેને ફરકાવવામાં આવે છે અને ફરકાવાય છે.

ઝંડા ફરકાવિએ ,આપણે આપણાં ઘર, શાળા અને ઓફિસમાં ઝંડા લહેરાવીયે છીએ.
- આપણે દેશભક્તિના ગીતો ગાઈએ છીએ અને આપણા દેશ માટે સમર્પણની લાગણી વ્યક્ત કરીએ છીએ.
- આપણે સ્વતંત્રતાની લડતની વાર્તાઓ સાંભળીએ છીએ અને તેને યાદ કરીએ છીએ.

★દેશ માટે શહીદી આપનાર યુવાન★

ભારતની આઝાદીની લડાઈમાં કેટલા સૈનિકોએ બલિદાન આપ્યું? તેમણે દેશ માટે સર્વસ્વ બલિદાન આપ્યું. અમે હંમેશા તેમના વારસાને યાદ કરીએ છીએ.

- મંગલ પાંડે: તેમણે ૧૮૫૭ની ક્રાંતિમાં ભાગ લીધો હતો.
- ભગતસિંહ: તેઓ અંગ્રેજ સરકાર સામે લડ્યા.
- ચંદ્રશેખર આઝાદ: તેઓ બ્રિટિશ સરકાર સામે લડ્યા.
- રાણી લક્ષ્મીબાઈ: તેમણે ૧૮૫૭ની ક્રાંતિમાં ભાગ લીધો હતો.

આજે આપણે એવા દિગ્ગજ સૈનિકોને યાદ કરીએ છીએ જેમણે દેશ માટે પોતાનું બલિદાન આપ્યું. અમે હંમેશા તેમના વારસાને યાદ કરીએ છીએ અને તેમના બલિદાનને ક્યારેય ન ભૂલીએ.
દેશભક્તિ એ એક મહાન ગુણ છે, જે કોઈ પણ દેશના નાગરિકમાં હોવો જોઈએ. આ એવી લાગણી છે જે આપણને આપણા દેશ પ્રત્યે સમર્પિત અને જવાબદાર બનાવે છે.

દેશભક્તિ એટલે પોતાના દેશ પ્રત્યે પ્રેમ, આદર અને સમર્પણ. આ એક એવી લાગણી છે જે આપણને આપણા દેશની સ્વતંત્રતા, સાર્વભૌમત્વ અને એકતાનું રક્ષણ કરવા માટે પ્રેરણા આપે છે.

દેશભક્તિના ઘણા પાસાઓ છે:
દેશભક્તિ આપણને આપણા દેશ પ્રત્યે ગૌરવ અને આદર અનુભવવામાં મદદ કરે

- પોતાના દેશ પ્રત્યે સત્યવાદી અને વફાદાર રહેવું
- આપણા દેશના નાગરિકો સાથે સહકાર અને સંવાદિતા જાળવવી.
- આપણા દેશના વિકાસ અને પ્રગતિમાં યોગદાન આપવા માટે નવા વિચારો અને તકનીકોને અપનાવવા
- આપણા દેશની સંસ્કૃતિ, પરંપરાઓ અને મૂલ્યોને જાળવવામાં મદદ કરવી.

શોભના ભટ્ટ

# ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને ખૂબ સારો પ્રતિસાદ

વડોદરા જિલ્લામાંથી આપના આગેવાનો આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ ગ્રહણ કરેલ.


ગુજરાતમાં ભાજપના શાસનમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે એનપીકે, ડીએપી, યુરિયા ખાતર નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ પુષ્કળ ભ્રષ્ટાચાર છે, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આજે આગળ વધી રહેલ છે ત્યારે જનહિતમાં કોંગ્રેસ પક્ષમાં જોડાવાનો આ આગેવાન-કાર્યકર્તાઓએ નિર્ણય કરેલ છે.

ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને ખૂબ જ જોરદાર પ્રતિસાદ મળેલ છે. રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાનો અને કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસમાં જોડાયા છે, તેઓનો શ્રી શક્તિસિંહ ગોહિલે આભાર માન્યો હતો.

વડોદરા જિલ્લામાંથી આપના આગેવાનોમાં શ્રી હરિસિંહ અર્જુનસિંહ રાજ, શ્રી જયેન્દ્રસિંહ જીતસિંહ રણા, મહેન્દ્રસિંહ રણધીરસિંહ વાંસદિયા, શ્રી મુકેશકુમાર મુળશંકરભાઈ ભટ્ટ, શ્રી ભરતસિંહ અશોકસિંહ ચાવડા આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષના પ્રદેશ અધ્યક્ષ શ્રી શક્તિસિંહજી ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરીને વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા, તેમને પક્ષમાં આવકાર આપીને આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષમાં મજબુત રીતે કામ કરીને ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાશે તેવી આશા વ્યક્ત કરી છે. આ પ્રસંગે હાથ સે હાથ જોડોના કન્વીનર શ્રી ઈન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશી, વડોદરા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી ભાસ્કર ભટ્ટ, કરજણ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ગોહિલ હર્ષદસિંહ સુજાનસિંહ (કાલુભાઈ), કરજણ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતભાઈ અમીન, કરજણ તાલુકા કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખ અને વિધાનસભા-૨૦૨૨ના ઉમેદવાર શ્રી પિન્ટુભાઈ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## 'નાના' યાત્રાધામો – 'મોટો' વિકાસ

# ગુજરાત સરકાર દ્વારા મુખ્ય યાત્રાધામોની ફરતે આવેલા નાના-નાના યાત્રાધામોનો ?૮૫૭.૧૪ કરોડના ખર્ચે જબરદસ્ત વિકાસ




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્ર સતત વિકાસ કરી રહ્યું છે. ગુજરાતમાં ધાર્મિક પ્રવાસન સ્થળો અને તીર્થસ્થાનોનું વિશેષ મહત્વ રહેલું છે. રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે જે પ્રગતિ થઈ રહી છે, તેમાં ધાર્મિક પ્રવાસનનો ખૂબ મોટો ફાળો છે, અને તે જોતાં રાજ્ય સરકાર દ્વારા ધાર્મિક પ્રવાસનને વેગ આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. રાજ્યના સોમનાથ, અંબાજી, દ્વારકા વગેરે જેવા મોટા અને મુખ્ય યાત્રાધામોના વિકાસ ઉપરાંત, રાજ્ય સરકાર નાના-નાના યાત્રાધામોનો પણ જબરદસ્ત વિકાસ કરી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સમગ્ર દેશમાં ધાર્મિક પ્રવાસનને મોટું પ્રોત્સાહન આપી રહ્યા છે, ત્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર પણ વડાપ્રધાનના પ્રયત્નોમાં પોતાનું યોગદાન આપી રહી છે. રાજ્ય સરકારે નાના-નાના યાત્રાધામો ખાતે કુલ અંદાજે ?૮૫૭.૧૪ કરોડના ખર્ચે વિકાસકાર્યોનું આયોજન હાથ ધર્યું છે.

★આગામી ૨૫ વર્ષના વિઝન સાથે વિકાસનું માસ્ટર પ્લાનિંગ★

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલ જણાવે છે કે રાજ્યના તમામ યાત્રાધામોનો સર્વાંગી વિકાસ કરવામાં આવી રહ્યો છે. તેમાં માત્ર મંદિરોનો જ વિકાસ નહીં, પરંતુ મંદિર પરિસરની સાથે-સાથે સમગ્ર યાત્રાધામનું માસ્ટર પ્લાનિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે, જેથી આગામી ૨૦-૨૫ વર્ષોના વિઝન પ્રમાણે આવનાર પ્રવાસીઓની ગણતરીને ધ્યાનમાં લઈને યાત્રાધામોના વિકાસનો નકશો બનાવી શકાય. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા એ રીતનો વિકાસ કરવામાં આવી રહ્યો છે કે જેથી મંદિર કે યાત્રાધામ માત્ર વરિષ્ઠ નાગરિકો માટે જ હોય એવું ન લાગે, પણ તમામ વયજૂથના લોકોને યાત્રાધામ પોતાનું લાગે.

★નાના યાત્રાધામો ખાતે ચાલી રહ્યા છે ૧૬૦થી વધુ વિકાસ કાર્યો★

રાજ્ય સરકાર દ્વારા હાલમાં રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં ધાર્મિક સ્થળોએ થઈ રહેલા વિકાસકાર્યોની વિગતો આપતા બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલે જણાવ્યું કે રાજ્યના મોટા યાત્રાધામોની ફરતે આવેલા નાના યાત્રાધામો ખાતે કુલ ?૮૫૭.૧૪ કરોડના ખર્ચે ૧૬૩ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે, જેમાંથી ?૬૫૫ કરોડથી વધુના ખર્ચે ૭૬ વિકાસકાર્યો વિવિધ તબક્કામાં પ્રગતિ હેઠળ છે. ઉપરાંત, ?૭૦.૧૯ કરોડના ખર્ચે ૫૭ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે અને ?૫૨.૦૮ કરોડના ૨૪ કામો આયોજનના તબક્કામાં છે. ?૭૯.૧૦ કરોડના ૬ કામોનો ચાલુ અંદાજપત્રમાં નવા કામ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

★અંબાજી-બહુચરાજી યાત્રાધામોની આસપાસના યાત્રાધામોનો ?૨૧૬.૫૧ કરોડના ખર્ચે વિકાસ★

રાજ્યના મહત્વના અંબાજી-બહુચરાજી જેવા યાત્રાધામોની આસપાસ આવેલા યાત્રાધામોનો વિકાસ ?૨૧૬.૫૧ કરોડના ખર્ચે કરવામાં આવી રહ્યો છે. આ પૈકી, માસ્ટર પ્લાનિંગની કાર્યવાહી હેઠળ અંબાજીની આસપાસ આવેલ યાત્રાધામોનો ?૧૩૫.૫૧ કરોડના ખર્ચે વિવિધ પ્રકારે વિકાસ કરવામાં આવી રહ્યો છે. આ વિકાસકાર્યોમાં, ?૩ કરોડના ખર્ચે શ્રી કોટેશ્વર મહાદેવ મંદિરના પહેલા તબક્કાના વિકાસકાર્યો પૂર્ણ થઈ ચૂક્યા છે, શ્રી રીંછડિયા મહાદેવ અને તેની પાસે આવેલા તળાવનું ?૫૩.૯૫ કરોડના ખર્ચે બ્યુટિફિકેશનનું કામ અને તેલિયા ડેમ ખાતે ?૧૨.૧૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. આ સાથે જ, શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર ખાતે બીજા તબક્કાના કાર્યો, શ્રી કામાક્ષી મંદિર અને શ્રી કુંભારિયાજી જૈન તીર્થ તથા અન્ય ધાર્મિક સ્થળો ખાતે કુલ અંદાજિત ?૩૩ કરોડના ખર્ચના વિકાસકાર્યો આયોજન હેઠળ છે. કેન્દ્ર સરકારની 'પ્રસાદ યોજના' હેઠળ ?૩૩.૪૬ કરોડના ખર્ચે પ્રવાસી સુવિધા કેન્દ્ર જેવા વિકાસકાર્યો પણ પ્રગતિ હેઠળ છે. અંબાજી ઉપરાંત, યાત્રાધામ બહુચરાજીના માસ્ટર પ્લાનિંગ હેઠળ ?૮૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો આયોજન હેઠળ છે.

★પાવાગઢ અને આસપાસના યાત્રાધામો ખાતે ?૧૮૭.૪૯ કરોડના ખર્ચે વિકાસકાર્યો★

પાવાગઢ યાત્રાધામ અને તેની આસપાસના તીર્થક્ષેત્રોમાં અંદાજે ?૧૮૭.૪૯ કરોડના વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે. પાવાગઢ યાત્રાધામ ખાતે ?૧૨૧ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે અને માંચી ચોક ખાતે ?૧૨.૯૧ કરોડના વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે. તેમાં ઑફિસ બ્લૉકનું બાંધકામ, ચાચર ચોકનું સ્ટોન ફ્લોરિંગ, મલ્ટી લેવલ પાર્કિંગ, પ્રવેશ દ્વાર, સાઈનેજિસ, ફાયર-ફાઈટિંગ, વૉટર સપ્લાયના જેવા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે. ચાંપાનેરમાં અંદાજિત ?૪૨ કરોડના ખર્ચે રોડ-રસ્તા અને પાર્કિંગના વિવિધ વિકાસકાર્યો શરૂ કરવામાં આવશે. પાવાગઢ ખાતે આવેલ વડા તળાવ પાસે ?૧૧.૫૮ કરોડના ખર્ચે ટેન્ટ સિટી બનાવવામાં આવશે.

★પોરબંદર, કચ્છ, દ્વારકા, સિદ્ધપુર ખાતે ?૩૧૮.૧૩ કરોડના વિકાસ કાર્યો★

પોરબંદર, કચ્છ, દેવભૂમિ દ્વારકા અને પાટણ જિલ્લામાં ?૩૧૮.૧૩ કરોડના ખર્ચે યાત્રાધામોનો વિકાસ હાથ ધરવામાં આવ્યો છે. પોરબંદરમાં માધવપુર સ્થિત શ્રી કૃષ્ણ-રૂક્ષ્મણિ યાત્રાધામ ખાતે ?૪૨.૪૩ કરોડ, કચ્છમાં માતાનો મઢ યાત્રાધામ ખાતે અંદાજે ?૩૨.૭૦ કરોડ અને નારાયણ સરોવર ખાતે ?૩૦ કરોડના ખર્ચે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે. તેવી જ રીતે દેવભૂમિ દ્વારકામાં દ્વારકા કૉરિડોરનો ભવ્ય પ્રોજેક્ટ વિચારાધીન છે. તદ્ઉપરાંત; બેટ દ્વારકાના વિકાસ માટે ?૧૫૫ કરોડનું માસ્ટર પ્લાનિંગ હાથ ધરાયું છે, તેમજ ?૨૫ કરોડના વિવિધ વિકાસ કાર્યો પ્રગતિમાં છે. બીજી તરફ પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે ?૩૩ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યો પ્રગતિ હેઠળ છે.



કાંદિવલી વ્યાયામ મંદિર દ્વારા સંચાલિત કાંદિવલી રિક્રિયેશન ક્લબ (કેઆરસી) ખાતે સ્વાતંત્ર્ય દિને યોજાયેલા ધ્વજવંદનના કાર્યક્રમમાં પ્રમુખ સંજયભાઈ શાહ અને જોઈન્ટ સેક્રેટરી પ્રશાંત દીવાન, ટ્રસ્ટીઓ, મેનેજિંગ કમિટીના સભ્યો, આજીવન સભ્યો અને સ્ટાફ હાજર રહ્યા હતા. અતિથિ વિશેષ મેનેજિંગ કમિટીના સભ્ય ચંદ્રેશ એચ. શાહ હતા અને તેમના હસ્તે ધ્વજ ફરકાવાયો હતો.

આ પ્રસંગે દેશભક્તિના ગીતો પણ ગવાયા હતા.



સ્વાવલંબન ટ્રસ્ટ ના ઉપક્રમે રક્તપિત્ત નાં દર્દીઓ સાથે હાથે રાખડી બાંધી રક્ષબંધનની ઊજવણી તથા અનાજ વિતરણ કાર્યક્રમ હિમાવન પાલડી ખાતે યોજવામાં આવ્યો



મનોદિવ્યાંગ બાળકો માટે સતત કાર્યરત સંસ્થા સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન ટ્રસ્ટ,અખબાર નગર સર્કલ નવા વાડજ,અમદાવાદ ખાતે આજદિન તા૧૭-૮-૨૦૨૪ શનિવાર સવારે ૧૧-૦૦ થી૧૨-૩૦ દરમ્યાન રક્ષાબંધન પર્વની ઉજવણી મનોદિવ્યાંગ બાળકોના હર્ષોલ્લાસ વચ્ચે ઉજવવામાં આવી જેમાં મનોદિવ્યાંગ બાળકીઓ દ્વારા બાળકોને રાખડી બાંધી કુમકુમ તિલક કરી આશીર્વાદ આપવામાં આવ્યા અને ગુજરાત દર્દી લોક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા બધી જ મનોદિવયાંગ બાળકીઓને સરસ ગિફ્ટ આપવામા આવીહતી પ્રોગ્રામ ના અંતે સરસ મજાનું સમૂહ ભોજન કરાવવામા આવ્યું હતું પૂજન અર્ચન રક્ષાસૂત્ર બંધન વૈદિક મંત્રો સાથે ગાયત્રી પરિવાર નારણપુરાના પરિજનોએ કરાવ્યું હતું વિપુલભાઈ વસાવડા અને આમંત્રિતોએ હાજર રહી આશીર્વાદ પાઠવ્યા હતા સૌનો સંચાલક ચંદ્રસિંહ ચૌહાણે આભાર વ્યક્ત કર્યો હતો.



**અમદાવાદ લો ગાર્ડન ઠાકોર ભાઈ હોલ ખાતે વિવેક શાહ પ્રોડક્શન્સ ના નાટ્યોત્સવ ચાલી રહ્યો છે આ નાટ્યોત્સવ મા ગુજરાત રાજ્ય સંગીત નાટય અકાદમી ના આર્થિક સહયોગ થી તેમજ જી.એમ.ડી.સી ના સહયોગ થી આ નાટ્યોત્સવ સફળતાપૂર્વક ઉજવાય રહ્યો છે જેમા ભાજપ ગુજરાત પ્રદેશ યુવા મોરચા ના અધ્યક્ષ પ્રશાંત કોરાટ તેમજ જાણીતા સિને કલાકાર ચેતન દહિયા હાજર રહયા હતા આ નાટ્યોત્સવ ના આયોજન કરવા બદલ વિવેક શાહ હાર્દિક પંચાલ હેમલ શાહ ને અંભિનંદન આપ્યા હતા**

# સાપુતારાના મોન્સુન ફેસ્ટિવલમાં સાંસદશ્રી હકારાત્મક અભિગમથી સ્થાનિક કલાકાર વૃંદે કૃતિ રજુ કરી

આહવા-ડાંગ

ગિરિમથક સાપુતારા ખાતે ચાલી રહેલા 'મોન્સુન ફેસ્ટિવલ' દરમિયાન સ્થાનિક/ડાંગ જિલ્લાના કલાકારોનો કાર્યક્રમોમાં સમાવેશ કરવા બાબતની રજૂઆત બાદ, લોકસભાના દંડક-વ-વલસાડ/ડાંગ ના સાંસદ શ્રી ધવલભાઈ પટેલહ હકારાત્મક અભિગમને કારણે, સ્થાનિક કલાવૃંદ દ્વારા કાર્યક્રમોની રજૂઆત થવા પામી છે.



પ્રાપ્ત વિગતો મુજબ, ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા આયોજિત સાપુતારાના 'મોન્સુન ફેસ્ટિવલ'માં, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા, ખાસ કરીને શનિ/રવિની રજાઓના દિવસો દરમિયાન, ડાંગ સહિત આસપાસના જિલ્લાઓની વિવિધ કૃતિઓ, કાર્યક્રમોની રજૂઆતનું આયોજન કરાયું હતું. જેમાં અન્ય જિલ્લાની સરખામણીએ ડાંગ જિલ્લાના કલાકારોને ઓછું કામ, મહત્વ મળતુ હોવાની ઉઠેલી માંગ બાદ, સાંસદશ્રી સમક્ષ આ બાબત આવી હતી. જેમના હકારાત્મક અભિગમને કારણે, સાપુતારાની એકલવ્ય ગર્લ્સ રેસિડેંશિયલ સ્કૂલના વિદ્યાર્થી એવા ત્રીસ જેટલા કલાકારોએ, તેમનામાં રહેલી કળા પ્રતિભાના ઓજસ પાથરતા, તા.૧૬મી ઓગસ્ટના રોજ બે કાર્યક્રમોની પ્રસ્તુતિ કરી હતી. જેનો ઉપસ્થિત પ્રેક્ષકોએ લાભ લીધો હતો. તેમ શાળા સંચાલકો દ્વારા જણાવાયુ છે.

# "૩૭ વર્ષની વયે થાઈલેન્ડના સૌથી યુવાન પૈતોંગતાર્ન શિનાવાત્રા વડાંપ્રધાન બન્યા



"શિનાવાત્રા પોતાના પરિવારના ત્રીજા સભ્ય છે જે આ પદ સુધી પહોંચ્યા છે. તેમના પિતા થાકસિન શિનાવાત્રા ગયા વર્ષે જ ૧૫ વર્ષના દેશનિકાલ બાદ દેશ પરત ફર્યાં હતાં. થાકસિનને વર્ષ ૨૦૦૧માં પહેલી વખત થાઈલેન્ડના વડાંપ્રધાન પસંદ કરવામાં આવ્યા હતાં પરંતુ ૨૦૦૬માં તખ્તાપલટ બાદ તેમનો દેશનિકાલ થઈ ગયો. થાઈલેન્ડના રાજકારણમાં પેતોંગતાર્ન ખૂબ લોકપ્રિય છે. ગત ચૂંટણીઓમાં પણ તેમણે ગર્ભવતી હોવા છતાં ખૂબ પ્રચાર કર્યો હતો. તેમની ફ્યૂ થાઈ પાર્ટી ૨૦૨૩ની ચૂંટણીમાં બીજા સ્થાને હતી. તેમના પરિવારની પણ થાઈલેન્ડના રાજકારણમાં સારી પકડ રહી છે. આ કારણ છે કે તેમને જનતાનું ખાસ્સું સમર્થન મળ્યું છે.

શ્રેથા થાવિસિનને શા માટે હટાવવામાં આવ્યા?

લગભગ ૩૮ કલાક પહેલા થાઈલેન્ડની બંધારણીય કોર્ટે શ્રેથા થાવિસિનને વડાંપ્રધાન પદથી બરતરફ કરી દીધાં હતાં. તેમની પર જેલની સજા કાપી ચૂકેલા એક વકીલને કેબિનેટ મંત્રી બનાવવાનો આરોપ હતો. કોર્ટના જણાવ્યા અનુસાર શ્રેથાએ આ પ્રકારની નિમણૂક કરીને બંધારણીય નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, જોકે કોર્ટના નિર્ણય બાદ થાવિસિને પોતાનો બચાવ કરતાં કહ્યું હતું કે તેમને નિયમોની સંપૂર્ણ જાણકારી નહોતી.

શ્રેથાએ પિચિત ચુએનબનને કેબિનેટમાં સ્થાન આપ્યુ હતું, પિચિતને ૨૦૦૮માં સુપ્રીમ કોર્ટના અધિકારીઓને લાંચ આપવાનો પ્રયત્ન કરવા માટે ૬ મહિનાની જેલની સજા સંભળાવવામાં આવી હતી. કોર્ટે માન્યું છે કે શ્રેથાને પિચિત સાથે જોડાયેલા કેસની સારી રીતે જાણકારી હતી. શ્રેથા થાવિસિન ગયા વર્ષે ૨૦૨૩માં થયેલી ચૂંટણીમાં જ જીતીને વડાંપ્રધાન બન્યા હતાં. લગભગ એક વર્ષ બાદ કોર્ટની બરતરફીને કારણે તેમની સરકાર પડી.

બેંગકોકઃ થાઈલેન્ડની સંસદે પૈતોંગતાર્ન શિનાવાત્રાને વડાંપ્રધાન પદ માટે પસંદ કર્યાં છે. તેઓ દેશના સૌથી યુવાન વડાંપ્રધાન છે. ૨ દિવસ પહેલાં જ થાઈલેન્ડની સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન શ્રેથા થાવિસિનને પદ પરથી હટાવી દેવા મા આવ્યા હતા.

શિનાવાત્રા પોતાના પરિવારના ત્રીજા સભ્ય છે જે આ પદ સુધી પહોંચ્યા છે. તેમના પિતા થાકસિન શિનાવાત્રા ગયા વર્ષે જ ૧૫ વર્ષના દેશનિકાલ બાદ દેશ પરત ફર્યાં હતાં. થાકસિનને વર્ષ ૨૦૦૧માં પહેલી વખત થાઈલેન્ડના વડાંપ્રધાન પસંદ કરવામાં આવ્યા હતાં પરંતુ ૨૦૦૬માં તખ્તાપલટ બાદ તેમનો દેશનિકાલ થઈ ગયો. થાઈલેન્ડના રાજકારણમાં પેતોંગતાર્ન ખૂબ લોકપ્રિય છે. ગત ચૂંટણીઓમાં પણ તેમણે ગર્ભવતી હોવા છતાં ખૂબ પ્રાર કર્યો હતો. તેમની ફ્યૂ થાઈ પાર્ટી ૨૦૨૩ની ચૂંટણીમાં બીજા સ્થાને હતી. તેમના પરિવારની પણ થાઈલેન્ડના રાજકારણમાં સારી પકડ રહી છે. આ કારણ છે કે તેમને જનતાનું ખાસ્સું સમર્થન મળ્યું છે.

શ્રેથા થાવિસિનને શા માટે હટાવવામાં આવ્યા?

લગભગ ૪૮ કલાક પહેલા થાઈલેન્ડની બંધારણીય કોર્ટે શ્રેથા થાવિસિનને વડાંપ્રધાન પદથી બરતરફ કરી દીધાં હતાં. તેમની પર જેલની સજા કાપી ચૂકેલા એક વકીલને કેબિનેટ મંત્રી બનાવવાનો આરોપ હતો. કોર્ટના જણાવ્યા અનુસાર શ્રેથાએ આ પ્રકારની નિમણૂક કરીને બંધારણીય નિયમોનું ઉલ્લંઘન કર્યું છે, જોકે કોર્ટના નિર્ણય બાદ થાવિસિને પોતાનો બચાવ કરતાં કહ્યું હતું કે તેમને નિયમોની સંપૂર્ણ જાણકારી નહોતી.

શ્રેથાએ પિચિત ચુએનબનને કેબિનેટમાં સ્થાન આપ્યુ હતું, પિચિતને ૨૦૦૮ માં સુપ્રીમ કોર્ટના અધિકારીઓને લાંચ આપવાનો પ્રયત્ન કરવા માટે ૬ મહિનાની જેલની સજા સંભળાવવામાં આવી હતી. કોર્ટે માન્યું છે કે શ્રેથાને પિચિત સાથે જોડાયેલા કેસની સારી રીતે જાણકારી હતી. શ્રેથા થાવિસિન ગયા વર્ષે ૨૦૨૩માં થયેલી ચૂંટણીમાં જ જીતીને વડાંપ્રધાન બન્યા હતાં. લગભગ એક વર્ષ બાદ કોર્ટની બરતરફીને કારણે તેમની સરકાર પડી. "બેંગકોકઃ થાઈલેન્ડની સંસદે પૈતોંગતાર્ન શિનાવાત્રાને વડાંપ્રધાન પદ માટે પસંદ કર્યાં છે. તેઓ દેશના સૌથી યુવાન વડાંપ્રધાન છે. ૨ દિવસ પહેલાં જ થાઈલેન્ડની સુપ્રીમ કોર્ટે વડાપ્રધાન શ્રેથા થાવિસિનને પદ પરથી બરતરફ કરી દીધાં હતાં. તેમની પર નૈતિક નિયમોનું ઉલ્લંઘન કરીને એક પૂર્વ ગુનેગારની કેબિનેટમાં નિમણૂક કરવાનો આરોપ હતો. ૩૭ વર્ષના પેતોંગતાર્ન થાઈલેન્ડના પૂર્વ વડાંપ્રધાન થાકસિન શિનાવાત્રાની સૌથી નાના દીકરી છે. તેમના પિતા સિવાય તેમના કાકી યિંગલક પણ થાઈલેન્ડના વડાંપ્રધાન રહી ચૂક્યાં છે, તેઓ દેશના સૌથી યુવાન અને બીજા મહિલા વડાંપ્રધાન છે.

"તેમના પિતા થાકસિન શિનાવાત્રા ગયા વર્ષે જ ૧૫ વર્ષના દેશનિકાલ બાદ દેશ પરત ફર્યાં હતાં. થાકસિનને વર્ષ ૨૦૦૧માં પહેલી વખત થાઈલેન્ડના વડાંપ્રધાન પસંદ કરવામાં આવ્યા હતાં પરંતુ ૨૦૦૬માં તખ્તાપલટ બાદ તેમનો દેશનિકાલ થઈ ગયો. થાઈલેન્ડના રાજકારણમાં પેતોંગતાર્ન ખૂબ લોકપ્રિય છે. ગત ચૂંટણીઓમાં પણ તેમણે ગર્ભવતી હોવા છતાં ખૂબ પ્રચાર કર્યો હતો. તેમની ફ્યૂ થાઈ પાર્ટી ૨૦૨૩ ની ચૂંટણીમાં બીજા સ્થાને હતી. તેમના પરિવારની પણ થાઈલેન્ડના રાજકારણમાં સારી પકડ રહી છે. આ કારણ છે કે તેમને જનતાનું ખાસ્સું સમર્થન મળ્યું છે. લગભગ ૪૮ કલાક પહેલા થાઈલેન્ડની બંધારણીય કોર્ટે શ્રેથા થાવિસિનને વડાંપ્રધાન પદથી બરતરફ કરી દીધાં હતાં. તેમની પર જેલની સજા કાપી ચૂકેલા એક વકીલને કેબિનેટ મંત્રી બનાવવાનો આરોપ હતો."

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.